અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/1489-1525
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.22/01/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-11/12 વ્યવસાયલક્ષી પ્રવાહના વિષયોના સુધારેલ અભ્યાસક્રમની વિગતો મોકલવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/2969-3009, તા.06/10/2020.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓનો તણાવ ઓછો કરી શકાય તે હેતુથી સરકારશ્રી દ્વારા મળેલ મંજૂરી અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે માત્ર શૈક્ષણિક વર્ષ 2020-21 પૂરતો જ ધોરણ-9 થી 12 ના અભ્યાસક્રમમાં 30% જેટલો ઘટાડો કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-9 થી 12 ના મુખ્ય વિષયોના સુધારેલ અભ્યાસક્રમની વિગતો જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે.

ધોરણ-11/12 વ્યવસાયલક્ષી પ્રવાહના નીચે મુજબ દર્શાવેલ વિષયોના માત્ર શૈક્ષણિક વર્ષ 2020-21 માટે સુધારેલ અભ્યાસક્રમની વિગતો આ સાથે મોકલી આપવામાં આવે છે. બાકી રહેતા વિષયોની વિગતો હવે પછી મોકલી આપવામાં આવશે.

**ધોરણ-11/12 (વ્યવસાયલક્ષી પ્રવાહ)ના વિષયો :-**

| ક્રમ | કૃષિ જૂથ-A | વાણિજ્ય જૂથ-C | ગૃહવિજ્ઞાન જૂથ-H | તાંત્રિક જૂથ-T |
|---|---|---|---|---|
| 1 | ઉદ્યોગ સાહસિકતા (156) | ઉદ્યોગ સાહસિકતા (156) | ઉદ્યોગ સાહસિકતા (156) | ઉદ્યોગ સાહસિકતા (156) |
| 2 | જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર (158) | એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ પેપર-1 (203) | સમાશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર (216) | પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (254) |
| 3 | સામાજિક વિજ્ઞાન (058) | એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ પેપર-2 (205) | એડવાન્સ હાઉસકિપિંગ (217) | સિસ્ટમ એનાલિસીસ એન્ડ ડિઝાઈન (325) |
| 4 | પાક-1 (165) | એકાઉન્ટન્સી એન્ડ ઓડીટીંગ પેપર-3 (207) | ઈન્ટીરીયર ડેકોરેશન (219) | કમ્પ્યુટર એપ્લીકેશ (327) |

D:\Rakesh Dabhi\P.N.Kansara\પરિપત્ર-અભ્યાસક્રમમાં ઘટાડો-વ્યવસાયલક્ષી પ્રવાહ-12.01.2021.docx

Scanned by CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| 5 | પાક-2 (167) | | સોશિયલ સ્કીલ્સ રીપોર્ટેબલ મેટર્સ (221) | પ્રોગ્રામિંગ લેંગ્વેજ (329) |
| 6 | ક્ષેત્ર વ્યવસ્થા અને વિસ્તરણ (169) | | ફુડપ્રોસેસિંગ (223) | |
| 7 | પશુ સંબંધિત કૃત્રિમ બીજદાન દુગ્ધસ્ત્રાવ (171) | | પ્લાન્ટ મેનેજમેન્ટ એન્ડ ફુડ પેકેજિંગ (225) | |
| 8 | દૂધ અને દૂધની બનાવટો (173) | | બેકરી એન્ડ કન્ફેક્શનરી (227) | |
| 9 | ડેરી વિસ્તરણ અને આર્થિક નામાપદ્ધતિ (175) | | પેટર્ન મેકિંગ (235) | |
| 10 | | | અદ્યતન કપડાં રચના (237) | |
| 11 | | | કલાત્મક પોષાક સંરચના (239) | |

ઉપરોક્ત વિષયોના જે પ્રકરણોના જે મુદ્દાઓ અભ્યાસક્રમમાંથી ચાલુ વર્ષ માટે રદ્દ કરવામાં આવેલા છે તે મુદ્દાઓ અંગેના પ્રશ્નો શાળાકીય તેમજ બોર્ડની પરીક્ષામાં પૂછવાના રહેશે નહિ, પરંતુ આ મુદ્દાઓનું શૈક્ષણિક જ્ઞાન શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને આપવાનું રહેશે. જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક દૃષ્ટિએ નુકસાન ન થાય.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક વ્યવસાયલક્ષી પ્રવાહની શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/3929
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૨૭/ ૯/૨૦૨૧

**નકલ રવાના જાણ તથા અમલ સારૂં.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner